
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧. શ્રી મહાવીર સ્તુતિ ... ( છોટમ અ. ત્રિવેદી ) ... ... ૧૪૭

૨. સમ્યગ્ જ્ઞાનની કુંચી. ( અનુવાદ )... ... ... ... ૧૪૮

૩. જ્ઞાનનું મહત્ત્વ ... ( રાજપાળ મ. વ્હોરા ) ... ... ૧૫૦

૪. અનેકાંતવાદનું સ્વરૂપ ... ( સ. ક. વિ. મ. ) ... ... ૧૫૧

૫. જિનેશ્વર ભગવાનની પ્રતિમા માટે શાસ્ત્રાધારો.
( સંપાદક રા. ગાંધી ) ... ૧૫૬

૬. પાંચ સકાર. ( અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ ) ... ... ... ૧૫૮

૭. મારવાડ યાત્રા ... ( મુનિ શ્રી ન્યાયવિજયજી ) ... ... ૧૬૪

૮. આત્માની શોધમાં. ( લે. ચોકસી ) ... ... ... ... ૧૬૮

૯. વર્તમાન સમાચાર ... ... ... ... ... ૧૬૧


## ભેટના ગ્રંથો.

ગયા માસમાં જણાવ્યા પ્રમાણેના આ સભા તરફથી પ્રક૮ થયેલા અમારા માનવંતા લાઈફ મેમ્બરોને પોસ્ટ પુરતા રૂા. ૦-૧૨-૦ નું વી૦ પી૦ કરી ભેટ મોકલવાનું કાર્ય શરૂ થઇ ગયેલ છે, જેથી સ્વીકારી લેવા સૂચના છે. જે મેમ્બર સાહેબોને ન મળ્યા હોય તેઓએ અમોને લખી જણાવવા સુચના છે.

સ્થાનિક લાઈફ મેમ્બર સાહેબોને સભાની ઓફીસમાંથી લઈ જવા સુચના છે.


શ્રી અમરચંદ્રસૂરિકૃત

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશે પર્વો ) પ્રત તથા બુકાકારે.
૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )
૪ પ્રાકૃત વ્યાકરણ ઢુંઢકાવૃત્તિ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नुवति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्मः ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક–મુક્તિ-ગમન યોગ્ય–થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય–શ્રીમદ્ ઉમાસ્વાતિ–વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६३. माघ आत्म सं. ४१. { अंक ७ मो.

## " શ્રી મહાવીર સ્તુતિ "

શ્રી દેવ મહાવીર આપને, વંદન કરૂં છું પ્રિતથી;
જૈન ઉદ્ધારક હાં બન્યા, રક્ષ્યા અમોને હેતથી.

નમસ્કાર હોજો આપને, વંદન હજારો વાર હો;
આશા અમારી પુરવા, દીલમાં દયાને ધારજો.

તમારી ભક્તિમાં પ્યારા, રહું હું રાતને દિવસ;
મારી સુણાવું પ્રાર્થના, પ્રભુજી રાતને દિવસ.

નંદ સિદ્ધાર્થ ભૂપતિ, કાપો અમારી કુમતિ,
સહાય કરજો બાલને, જાવા ચહું હું શીવગતિ.

ભાષા અમારી કાલીઘેલી, સ્વીકારજો સ્તુતિ થકી,
ચિરંજીવહો સ્તુતિ અમારી, અમ ઉદ્ધારહો પ્રભુ તુજ થકી.

છોટમ. અ. ત્રિવેદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

## પરમાત્માનું ( જૈન દૃષ્ટિએ ) શુદ્ધ સ્વરૂપ.

### ( જુદા જુદા દર્શનો તે માટે શું કહે છે ? )

( ગતાંક પૃષ્ઠ ૧૨૯ થી શરૂ )

આત્મામાં તત્ત્વતા જેવું કશુંયે નથી અને એ રીતે આત્મા નિરર્થક છે એવો ભાવ સર્વથા અસત્ય છે. આત્માનાં ગુણધર્મવિશિષ્ટ અસ્તિત્વથી જ આત્માની સાર્થકતા અનેક રીતે સિદ્ધ થાય છે. આત્માનું અસ્તિત્વ છે, આત્મામાં તત્ત્વતા છે. જેનું અસ્તિત્વ હોય તેમાં તત્ત્વતા જરૂર હોય. અસ્તિત્વ એટલે સ્થાનાધિકરણ. સ્થાનાધિકરણ એટલે તત્ત્વતા. અસ્તિત્વ હોય ત્યાં તત્ત્વતા હોય, તત્ત્વતા હોય ત્યાં અસ્તિત્વ હોય. અસ્તિત્વ વિના તત્ત્વતા ન જ સંભવી શકે.

અસ્તિત્વયુક્ત પ્રત્યેક વસ્તુ પોતાનું કોઇ ને કોઈ સ્થાન મેળવી લે છે. અસ્તિત્વના આધારરૂપે તત્ત્વતાનું અધિકરણ તેમાં હોવું જ જોઇએ. તત્ત્વતાનાં અધિકરણ વિના ચેતનાનો વિચાર પણ અશકય થઈ પડે છે. તત્ત્વતા વિના ચેતનાનું અસ્તિત્વ માની લેવું એ યથાર્થ નથી.

‘ આત્મા ’ શબ્દના સંબંધમાં ઘોર અંધકારમય મધ્યયુગમાં અનેક બુદ્ધિશૂન્ય કલ્પનાઓ થયાથી અને અનેક યુક્તિરહિત મંતવ્યોનો પુરસ્કાર થયાથી આત્માવિષયક અનેક વિકટ પ્રશ્નોનો પ્રાદુર્ભાવ થયો હતો. આજના સંસ્કૃતિ યુગમાં પણ ઘણાયે મનુષ્યો આત્માનું સ્વરૂપ અને આત્માનું મહત્ત્વ યથાર્થ રીતે નથી જાણતા એ અત્યંત શોકાસ્પદ છે. આત્માના સંબંધમાં અનેક દોષપૂર્ણ મંતવ્યો અસ્તિત્વમાં આવવાથી ‘ આત્મા ’ શબ્દ વિવાદગ્રસ્ત બન્યો છે. ઇશ્વર એટલે આત્મા એમ બુદ્ધિવાદનાં દ્રષ્ટિબિન્દુથી વિચાર કરતાં ઇશ્વર સર્વથા અભૌતિક છે એવો અર્થ નિષ્પન્ન નથી થતો. ભૌતિક શરીરથી ભિન્ન દ્રવ્યથી ઇશ્વરનું સૃજન થયેલું છે એવો જ અર્થ નીકળે છે. આત્માની અભૌતિકતા એટલે ભૌતિક અધિકરણની રહિતતા એમ બુદ્ધિ સ્વીકારી શકે નહિ. આત્માની અભૌતિકતા એટલે તત્ત્વતા રહિત સ્થિતિ એમ પણ બુદ્ધિથી માની શકાય નહિ. આત્માની અભૌતિકતા એટલે ભૌતિક દ્રવ્ય નહિ તે અર્થાત્ ભૌતિક દ્રવ્યથી સર્વથા પર સ્થિતિ. ઇશ્વરમાં તત્ત્વતાનાં અસ્તિત્વનો અસ્વીકાર કરવો એ કોઇ રીતે બુદ્ધિયુક્ત નથી જણાતું. બુદ્ધિયુક્ત વિચારસરણી પરમાત્મામાં તત્ત્વતાનો સ્વીકાર જરૂર કરે છે. પરમાત્મામાં તત્ત્વતાનો અસ્વીકાર કરવો એ બુદ્ધિની દ્રષ્ટિએ સર્વથા અયુક્ત જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા પ્રકાશની માફક સ્થાનનું અવગાહન કરે છે. પ્રકાશથી સ્થાનાવગાહન થાય છે પણ તેથી અન્ય પ્રકાશોને કોઇ પણ પ્રકારની બાધા ઉત્પન્ન નથી થતી. સર્વ પ્રકાશો આ રીતે એક જ સ્થાનનું અવગાહન કરી શકે છે. આત્મનું પણ તેમજ સમજી લેવું. આત્મા પ્રકાશ કરતાં સૂક્ષ્મતર છે. આત્માથી સ્થાનાવગાહન અવશ્ય થાય છે પણ તે સ્થાનાવગાહન એવું છે જેથી બીજાઓને કશોયે અંતરાય નથી થતો. અસંખ્ય આત્માઓ જેમ એક જ બિંદુનું એક જ કાળે નિરીક્ષણ કરે છે એટલે કરી શકે છે તે જ પ્રમાણે એક જ સ્થાનમાં અસંખ્ય આત્માઓનું અસ્તિત્વ સંભવી શકે છે.

પરમાત્મા (જગતના કર્તા)ની અનંતાના સંબંધમાં આપણે હવે વિચાર કરીએ. પરમાત્મા સર્વવ્યાપી છે એમ સામાન્ય રીતે મનાય છે. બ્રહ્મ સર્વવ્યાપી છે એવું વેદાન્તનું સ્પષ્ટ મંતવ્ય છે. પરમાત્માવિષયક આ મંતવ્ય બુદ્ધિયુક્ત વિચારણાથી સત્ય નથી જણાતું. પરમાત્માને વ્યક્તિ કે તત્ત્વરૂપે માનીએ છતાંયે પરમાત્મા અનંત હોઇ શકે એ કલ્પનાતીત થઇ પડે છે. પરમાત્મા શરીરધારી મનુષ્ય હોય તો તે અનંત હોવાનું કોઇ રીતે શક્ય નથી. પરમાત્માનું શરીર અનંત હોવાની માન્યતા ભ્રમમૂલક છે. તે એક પ્રકારની ઘોર પ્રતારણા છે. પરમાત્માનું શરીર અનંત માનનારને અવગાહન—સ્થાનના વિસ્તારનો સ્હેજ પણ ખ્યાલ ન હોય એ નિઃસંદેહ છે. પરમાત્માનાં તત્ત્વરૂપે અસ્તિત્વનો સ્વીકાર કરતાં, એ તત્ત્વ અનંત હોવાનું સર્વથા અસંભવિત છે એમ પ્રતીત થઇ શકે છે. કોઈ પણ આધ્યાત્મિક દ્રવ્ય કોઇ કાળે સર્વવ્યાપી ન બની શકે. આધ્યાત્મિક દ્રવ્યનું આ એક વિશિષ્ટ સ્વરૂપ છે. ચેતના એ આધ્યાત્મિક દ્રવ્ય છે. પ્રકૃતિ ભૌતિક દ્રવ્યને અનંત સ્થાનાવગાહન નથી આપતી તે જ પ્રમાણે ચેતનાનું અવગાહન પણ પ્રકૃતિથી નિયંત્રિત બને છે. ચેતનારૂપી આધ્યાત્મિક દ્રવ્ય કોઈ કાળે અનંત નથી બની શકતું. ચેતનાનું આ ખરૂં સ્વરૂપ છે એમ વસ્તુસ્થિતિ ઉપરથી પ્રત્યક્ષ થાય છે. એ સ્વરૂપનો યથાથ રીતે સ્વીકાર કરવો એ અધ્યાત્મવાદના અભ્યાસીઓને હિતકર છે. બીજાં મિથ્યા મંતવ્યોથી ચિત્તમાં વિકૃતિ પરિણમે છે. આત્માનું વિમાર્ગે ગમન થાય છે. માનસિક દ્રષ્ટિ—શક્તિમાં વક્રતા આવે છે.

પરમાત્માની અનંતતાના સંબંધમાં ચિત્તમાં ખૂબ પક્ષપાત હોય છતાંયે કોઈ મનુષ્ય પરમાત્માનાં સ્વરૂપ વિષે બુદ્ધિથી યથાયોગ્ય વિચાર કરે તો પરમાત્માની અનંતતાનું મંતવ્ય ભ્રમોત્પાદક છે એમ તેને લાગ્યા વિના નહિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનનું મહત્વ

જ્ઞાનપંચમી તો હજુ હમણાં જ ચાલી જાય છે એટલે જ્ઞાનપૂજા તો આપણી દૃષ્ટિ સન્મુખ જ છે. તે જ્ઞાનના ખૂબ મહત્ત્વ માટે દશવૈકાલિક સૂત્રનું **पढमं नाणं तओ दया** એ એક જ સૂત્ર બસ છે.

જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે. એ ગુણ અવરાઇ ગયો છે તેથી જ આ બધી માથાફોડ ઊભી થઇ છે. જે ઘડીએ એ ગુણ પ્રકટશે ત્યારે મોક્ષ વધુ દૂર નહીં હોય-હાથવેંતમાં જ હશે.

સેંકડો-હજારો-લાખો-અરે ! અસંખ્યાતા કાળનું અંધારું એકઠું થયું હોય પરંતુ ફક્ત એક જ દીપકજ્યોતે તે અંધારું લુપ્ત થાય છે અને તેને સ્થાને ઝળહળતો પ્રકાશ ફેલાય છે તેવી જ રીતે અનેક કાળના અજ્ઞાન અંધારાનો અંત એક જ વખતનું સમ્યગ્જ્ઞાન લાવે છે; તેથી તો જ્ઞાનનું મહત્ત્વ ગાયું છે કે ક્રોડ વર્ષ સુધી અજ્ઞાની જે કાર્ય ન કરી શકે તે કાર્ય જ્ઞાની પુરુષ શ્વાસોચ્છ્વાસમાં કરી શકે છે; માટે જ જ્ઞાન એ દીવો છે.

ઘાસની ગંજીઓ ખડકી હોય, કડબની કાલરો ખડી કરી હોય, લાકડાના વન ને વન ઊભા હોય પરંતુ તે સર્વમાં અગ્નિની ફકત એક જ ચીનગારી મૂકવામાં આવે તો તે નામશેષ થઇ જાય છે. તેવી જ રીતે અનંત કાળના ઉપાર્જેલા કર્મો ઉપર જ્યારે જ્ઞાનની એક જ ચીનગારી મૂકાય છે ત્યારે તે સર્વને ભસ્મીભૂત થયા વિના બીજો રસ્તો જ નથી હોતો. માટે તો જ્ઞાન સર્વોપરી છે.

જ્ઞાનવાન મનુષ્ય હલકા કુળનો હોય તો પણ પૂજાય છે અને અજ્ઞાની માણુસ ઉચ્ચ કુળનો હોય તો પણ કટાક્ષપાત્ર બને છે. આ જ્ઞાનનો ભાવાભાવ સૂચવે છે.

---

૨૯. પરમાત્માને અનંત માનવાથી બુદ્ધિનું આવરણ થઇ જાય છે. બુદ્ધિથી ધર્મમાર્ગે પ્રગતિ થઈ શકતી નથી. આધ્યાત્મિક ઉન્નતિની મહત્ત્વાકાંક્ષાનું ઉન્મૂલન થાય છે. પરમાત્મા વસ્તુતઃ કેવી રીતે સર્વવ્યાપી છે તેનો ખ્યાલ આવી નથી શકતો. ચેતનાયુક્ત દ્રવ્યમાં ચેતના સર્વદા મર્યાદિત હોય છે. આથી પરમાત્માનું સર્વવ્યાપીત્વ અશકય છે એમ સિદ્ધ થઇ શકે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કારણ વિષયક વાદોનું એકાંતને લીધે મિથ્યાપણું અને અનેકાંતને લીધે સમ્યગ્—યથાર્થપણું.

કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત—અદૃષ્ટ, અને પુરૂષવાદી ( ઉદ્યમ ) કારણ વિષેના એકાન્તવાદો અયથાર્થ છે અને તે જ વાદો સમાસથી પરસ્પર સાપેક્ષપણે મળવાથી યથાર્થ છે.

**ભાવાર્થ:**—કાર્યની ઉત્પત્તિ કારણને આભારી છે. કારણ વિષે પણ અનેક મતો છે તેમાંથી અહીં પાંચ કારણવાદોનો ઉલ્લેખ છે. કોઇ કાળવાદી છે જેઓ ફક્ત કાળને જ કારણ માની તેની પુષ્ટિમાં કહે છે કે જુદાં જુદાં ફળો વરસાદ, શરદી, ગરમી વિગેરે બધું ઋતુભેદને જ આભારી છે અને ઋતુભેદ એટલે કાળ વિશેષ.

કોઇ સ્વભાવવાદી છે જેઓ સ્વભાવને જ કાર્યમાત્રનું કારણ માની તેના સમર્થનમાં કહે છે કે પશુઓનું સ્થળગામીપણું, પક્ષીઓનું ગગનગામીપણું અને ફળનું કોમળપણું તેમ જ કાંટાનું તીખાપણું—અણીદારપણું એ બધું પ્રયત્નથી કે બીજા કોઈ કારણથી નહીં પણ વસ્તુગતસ્વભાવથી જ સિદ્ધ છે.

કોઇ નિયતિવાદી છે તે નિયતિ સિવાય કોઇને કારણ ન માનતાં પોતાના પક્ષની પુષ્ટિમાં કહે છે કે જે સાંપડવાનું હોય તે સારૂં કે નરસું સાંપડે જ છે. ન થવાનું થતું નથી અને થવાનું મટતું નથી; તેથી તે બધું નિયતિને આભારી છે એમાં કાળ, સ્વભાવ કે બીજા કોઈ એકે કારણને સ્થાન—અવકાશ નથી.

---

જ્ઞાનનું આટલું બધું મહત્ત્વ હોવા છતાં જો તેની સાથે વિનય નહીં હોય તો તે શોભશે નહીં, માટે વિનય ગુણ મેળવવા ખૂબ જ પ્રયત્નશાળી રહેવાની જરૂર છે; કેમકે જ્ઞાનની પ્રાપ્તિ પણ વિનયથી જ થાય છે. આપણે સારી રીતે જાણીએ છીએ કે શ્રેણિક મહારાજ એક ચંડાળ પાસેથી વિનયે કરીને જ વિદ્યા મેળવી શકયા હતા.

જ્ઞાન યાને વિદ્યા અને વિનયનો જ્યાં સુયોગ છે ત્યાં સોનું અને સુગંધ છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. એ ગુણો પ્રગટો અને દિનપ્રતિદિન વિકાસ પામો એમ ઇચ્છીએ. **રાજપાળ મગનલાલ વ્હોરા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ અદૃષ્ટવાદી અદૃષ્ટને જ કારણ માની તેની પુષ્ટિમાં કહે છે કે બધા માણસો પૂર્વસંચિત કર્મયુક્ત જન્મે છે અને પછી પોતે ધાર્યું ન હોય તેવી રીતે સંચિત કર્મના પ્રવાહમાં તણાય છે. માણસની બુદ્ધિ સ્વાધીન નથી. પૂર્વાર્જિત સંસ્કાર પ્રમાણે જ તે પ્રવર્તે છે, માટે અદૃષ્ટ જ બધા કાર્યોનું કારણ છે.

કોઇ પુરૂષવાદી પુરૂષને ફક્ત કારણ માની તેની પુષ્ટિમાં કહે છે કે જેમ કરોળીયો બધા તાંતણા સરજે છે, જેમ ઝાડો બધા ફણગાઓ પ્રગટાવે છે તેમજ ઇશ્વર જગતના સર્જન, પ્રલય અને સ્થિતિનો કર્તા છે. ઇશ્વર સિવાય બીજું કશું જ કારણ નથી. જે કારણરૂપે બીજું દેખાય છે તે પણ ઇશ્વરને જ આધીન છે, તેથી બધું જ ફક્ત ઇશ્વરતંત્ર છે.

આ પાંચ વાદો યથાર્થ નથી, કેમકે તે દરેક પોતાના મંતવ્યો ઉપરાંત બીજી બાજુ જોઇ શકતા ન હોવાથી અપૂર્ણ છે અને છેવટે બધા પારસ્પરિક વિરોધથી જ હણાય છે; પણ જ્યારે એ પાંચે વાદો પરસ્પર વિરોધીપણું છોડી, એક જ સમન્વયથી ભૂમિકા ઉપર આવી ઊભા રહે છે ત્યારે તેઓમાં પૂર્ણતા આવે છે અને પારસ્પરિક વિરોધ જતો રહે છે. એટલે તે યથાર્થ બને છે. એ સ્થિતિમાં કાળ, સ્વભાવ આદિ ઉક્ત પાંચે કારણોનું કાર્યજનક સામર્થ્ય જે પ્રમાણસિદ્ધ છે તે સ્વીકારાય છે અને એ પ્રમાણસિદ્ધ કારણોનો અપલાપ ( અનાદર–નિષેધ ) થતો નથી. ( સન્મતિ તૃતીય કાંડ ૫૩. )

## "આત્મા વિષે નાસ્તિત્વ આદિ છ પક્ષોનું મિથ્યાપણું અને અસ્તિત્વાદિ છ પક્ષોનું સમ્યક્પણું." ( ૫૪–૫૫ )

'આત્મા નથી, તે નિત્ય નથી, તે કાંઇ કરતો નથી, તે કરેલ કર્મોને વેદતો નથી, તેને નિર્વાણ–મોક્ષ નથી અને મોક્ષનો ઉપાય નથી, એ છ મતો મિથ્યાજ્ઞાનનાં સ્થાનો છે.'

"આત્મા છે, તે અવિનાશી છે, તે (વિવિધ કર્મ) કરે છે, તે (તેનું ફળ) અનુભવે છે, તેને નિર્વાણ છે અને મોક્ષનો ઉપાય છે એ છ મતો યથાર્થ જ્ઞાનનાં સ્થાનો છે."

**ભાવાર્થ**—આધ્યાત્મિક વિકાસની સંપૂર્ણતા સાધવામાં જે પક્ષના આગ્રહો એક કે બીજી રીતે આડે આવે છે અને જે આગ્રહો તેમાં સહાયક થાય છે તે બન્ને પ્રકારના આગ્રહોનું અહીં કથન છે. સાધનામાં બાધક થનારા આગ્રહો ભ્રાન્ત દૃષ્ટિ ઉપર રચાયેલા હોઇ **અયથાર્થ** અને અભ્રાન્ત દૃષ્ટિ ઉપર રચાયેલા સહાયક આગ્રહો **યથાર્થ** છે તે અનુક્રમે આ પ્રમાણેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ એમ માનવું કે આત્મા જેવું કોઈ તત્ત્વ જ નથી તે અનાત્મવાદ, ૨ એમ માનવું કે આત્મતત્ત્વ છે તે ખરૂં પણ તે નિત્ય ન હોઇ વિનાશી છે, તે ક્ષણિકાત્મવાદ, ૩ એમ માનવું કે આત્મા છે તો નિત્ય પણ તે ફૂટસ્થ હોઇ કશું કર્તૃત્વ નથી ધરાવતો તે અકર્તૃત્વવાદ, ૪ એમ માનવું કે આત્મા કંઈ કરે છે ખરો પણ તે ક્ષણિક હોઈ અગર નિર્લેપ હોઇ વિપાક અનુભવતો નથી તે અભોકતૃત્વવાદ, ૫ એમ માનવું કે આત્મા હમેશાં જ કર્ત્તા અને ભોક્તા રહેતો હોવાથી તેના સ્વરૂપની પેઠે રાગદ્વેષાદિ દોષોનો અંત જ નથી આવતો તે અનિર્વાણવાદ, ૬ એમ માનવું કે સ્વભાવથી આત્મા કયારેક મોક્ષ પામે છે પણ તેને મેળવવાનો બીજો કશો જ ઉપાય નથી તે અનુપાયવાદ.

આ છમાંથી કોઇપણ એક વાદનો આગ્રહ બંધાઇ જાય તો કાં તો આધ્યાત્મિક સાધનામાં પ્રવૃત્તિ જ ન થાય અને થાય તો તે વિશેષ આગળ ન ચાલે અને છેવટ સુધી તો ટકે જ નહીં; તેથી એના સ્થાનમાં અનુક્રમે નીચેના આગ્રહો આવશ્યક (જરૂરના) છેઃ—

૧ આત્મા છે એમ માનવું, ૨ તે છે એટલું જ નહીં પરંતુ અવિનાશી છે એમ માનવું, ૩ તે માત્ર અવિનાશી જ નહિ પણ કર્તૃત્વશક્તિ ધરાવે છે એમ માનવું, ૪ તે જેમ કર્તૃત્વશક્તિ ધરાવે છે તેમ ભોકતૃત્વશક્તિ પણ તેનાં છે એમ માનવું, ૫ કર્તૃત્વ અને ભોકતૃત્વશક્તિ હોવા છતાં કયારેક પ્રવૃત્તિના પ્રેરક રાગદ્વેષાદિક દોષોનો અંત શકય છે એમ માનવું, અને ૬ તે અંતનો ઉપાય છે અને તે આચરી શકાય એવો છે એમ માનવું. આ છએ આગ્રહો સાધકને શ્રદ્ધા અર્પી, તે દ્વારા સાધનામાં આગળ વધવા પ્રેરે છે તેથી તે સમ્યગ્-યથાર્થ છે. ઇતિશમ.

## "વાદમાં અનેકાંતદૃષ્ટિના અભાવે આવતા દોષો" (૫૬–૫૯)

એકાન્તવાદી સાધર્મ્યથી કે વૈધર્મ્યથી અર્થ–સાધ્યનું સાધન કરે ત્યારે પરસ્પર અથડાતા એ બંને અસદ્વાદ ઠરે છે.

દ્રવ્યાસ્તિકનું વક્તવ્ય **સામાન્ય** અને પર્યાયાસ્તિકનું વક્તવ્ય **વિશેષ** છે. એ બંને નિરપેક્ષપણે છૂટા છૂટા યોજવામાં આવે તો એકાન્તવાદને વિશિષ્ટ બનાવે છે અર્થાત્ ઊભો કરે છે.

(વાદીદ્વારા) હેતુનાં વિષયરૂપે મૂકવામાં આવેલ સાધ્યને પર–પ્રતિવાદી જે રીતે આક્ષેપ સમજી દૂષિત કરે છે. જો વાદીએ તે સાધ્યને તે જ રીતે દર્શાવ્યું હોત તો તે કોઇનાથી જીતાત ? અર્થાત કોઇથી ન જીતાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાન્ત અસત્ય બોલનાર કે સત્ય છતાં અનિશ્ચિત બોલનાર વાદી લૌકિકો અને પરીક્ષકોના આક્ષેપનો વિષય બને છે.

**ભાવાર્થ**:—વાદભૂમિમાં ઉતરનાર વાદી જો અનેકાંતદૃષ્ટિ રાખ્યા વગર તેમાં ઉતરે તો તે કદી સફળ ન થાય, ઊલટું અસદ્‌વાદી ઠરે, હારે અને શિષ્ટોની નિંદાનું પાત્ર બને, એ વસ્તુ અહીં બતાવવામાં આવી છે.

કોઇ પણ વાદી પોતાના પક્ષનું સાધન (સમર્થન) ભલે સાધર્મ્ય કે વૈધર્મ્ય દૃષ્ટાન્તથી કરે પણ જો તેનો પક્ષ એકાન્ત હશે તો બીજા વિરોધી પક્ષ સાથે અથડાશે અને છેવટે બંને અસદ્વાદ–મિથ્યાવાદ ઠરાવાના; માટે અનુમાનમાં જે સાધ્ય મૂકવું તે એકાન્તદૃષ્ટિએ ન મૂકવું.

દ્રવ્યાસ્તિકનો વિષય કેવળ સામાન્ય અને પર્યાયાસ્તિકનો વિષય કેવળ વિશેષ. એ બંને જો એકમેકથી છૂટા પાડી કોઇ પણ વસ્તુમાં સાધવામાં આવે તો તેનાથી એકાન્ત વાદ જ ઊભો થાય અને અનેકાંતદૃષ્ટિ લોપાય. તેથી એ બનેનું પરસ્પર સાક્ષેપપણે જ સાધન કરવું પ્રાપ્ત થાય છે. કોઇ વાદી પૂર્વ પક્ષ કરતાં હેતુથી સિદ્ધ કરવા ધારેલ પોતાના સાધ્યને જો એકાંતરૂપે યોજે તો પ્રતિવાદી તેની ખામી જોઇ તેના પક્ષને તોડી પાડે છે અને તે હાર ખાય છે. આવી વસ્તુસ્થિતિ છે. હવે જો એજ પૂર્વ પક્ષીએ પ્રથમથી જ પોતાના પક્ષમાં ખામી ન રહે તે માટે અનેકાન્તદૃષ્ટિએ સાધ્ય યોજ્યું હોત તો ગમે તેવા પ્રબલ પ્રતિવાદીથી પણ તેને હાર ખાવી ન પડત એ ખુલ્લું છે. માટે વાદમાં ઉતરનાર અનેકાન્તદૃષ્ટિએ જ સાધ્યનો ઉપન્યાસ કરે જેથી તે કદી ન હારે.

એકાન્તપણાને લીધે જે નિતાન્ત ખોટું હોય તેની તો વાત જ શી? પણ એકાન્તરૂપે સાચું હોવા છતાં જો તેને અનિશ્ચિત–સંદિગ્ધરૂપે વાદ ગોષ્ઠીમાં મૂકવામાં આવે તો તે વાદી વ્યવહારકુશળ અને શાસ્ત્રકુશળ બધા જ સભ્યોની દૃષ્ટિમાં ઉતરી પડે છે તેથી માત્ર અનેકાન્તદૃષ્ટિ રાખવી એટલું જ બસ નથી પણ એ દૃષ્ટિ સાથે અસંદિગ્ધવાદીપણું પણ વાદગોષ્ઠીમાં આવશ્યક છે. ઇતિશમ્

## "નયવાદને લગતી ચર્ચા" (૪૬--૪૯)

પરિશુદ્ધ નયવાદ એ કેવળ શ્રુતપ્રમાણના વિષયનો સાધક બને છે. વળી જો તે ખોટી રીતે મૂકવામાં આવ્યો હોત તો બંને પક્ષોનો ઘાત કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. જેટલા વચનોના માર્ગો છે તેટલા જ નયવાદો છે અને જેટલા નયવાદી છે તેટલા જ પરસમયો છે.

જે કાપિલ ( કપિલે કહેલું સાંખ્ય ) દર્શન છે એ દ્રવ્યાસ્તિકનયનું વક્તવ્ય છે શુદ્ધોદનના પુત્ર અર્થાત્ બુદ્ધનું દર્શન તો પરિશુદ્ધ પર્યાયનયનો વિકલ્પ છે. જો કે કણાદે બંને નયોથી પોતાનું શાસ્ત્ર–દર્શન પ્રરૂપ્યું છે છતાં તે મિથ્યાત્વ–અપ્રમાણ છે; કારણ કે એ બંને નયો પોતપોતાના વિષયની પ્રધાનતાને લીધે અંદરોદર એક બીજાથી નિરપેક્ષ છે. ભાવાર્થઃ—

અહીં નયવાદની ચર્ચામાં મુખ્ય ત્રણ બાબતો કહેવામાં આવી છે. પરિશુદ્ધ અને અપરિશુદ્ધ નયવાદનું પરિણામ, પરસમયોનું વાસ્તવિક પરિણામ તથા તેનો આધાર અને પ્રસિદ્ધ પરસમયો–દર્શનોની નયવાદમાં યોજના. પ્રમાણની દરેક વસ્તુ અને ધર્માત્મક સિદ્ધ છે, તેનું કોઈપણ એક વિવક્ષિત અંશરૂપે પ્રતિપાદન કરવાનો અભિપ્રાય તે નયવાદ છે. જો એ અભિપ્રાય એકાંશસ્પર્શી હોવા છતાં તે વસ્તુના બીજા અવિવક્ષિત અંશપરત્વે માત્ર ઉદાસીન હોય અર્થાત્ તે અંશનું નિરસન કરવાનો આગ્રહ ન ધરાવતો હોય અને પોતાના વક્તવ્ય પ્રદેશોમાં જ પ્રવર્તતો હોય તો તે **પરિશુદ્ધ નયવાદ** છે. તેથી ઉલટું જે અભિપ્રાય પોતાના વક્તવ્ય એક અંશને જ સંપૂર્ણ માની તેનું પ્રતિપાદન કરવા સાથે જ બીજા અંશોનું નિરસન કરે તે **અપરિશુદ્ધ નયવાદ** છે. પરિશુદ્ધ નયવાદ એક અંશનો પ્રતિપાદક છતાં ઇતર અંશોનું નિરસન ન કરતો હોવાથી તેને બીજા નયવાદો સાથે વિરોધ નથી હોતો, અને છેવટે તે શ્રુતપ્રમાણના અખંડ વિષયનો જ સાધક બને છે. અર્થાત્ નયવાદ જો કે હોય છે અંશગામી પણ જો તે પરિશુદ્ધ એટલે ઇતર સાક્ષેપ હોય તો તેનાવડે છેવટે શ્રુતપ્રમાણ સિદ્ધ અનેક–ધર્માત્મક આખી વસ્તુનું જ સમર્થન થાય છે.

સારાંશ એ છે કે બધાય પરિશુદ્ધ નયવાદો પોતપોતાના અંશભૂત વક્તવ્યદ્વારા એકંદર સમગ્ર વસ્તુનું જ પ્રતિપાદન કરે છે એજ પરિશુદ્ધ નયવાદનું ફળ છે. તેથી ઉલટું અપરિશુદ્ધ નયવાદ માત્ર પોતાથી જૂદા પડતા બીજા પક્ષનું જ નહિ પણ સ્વપક્ષ શુદ્ધિનું નિરસન કરે છે. કારણ કે તે જે બીજા અંશને અવગણી પોતાના વક્તવ્યને કહેવા માગે છે તે બીજા અંશ સિવાય તેનું વક્તવ્ય સંભવી જ નથી શકાતું, એટલે બીજા અંશનું નિરસન કરવા જતાં તે પોતાના વક્તવ્ય અંશનું પણ નિરસન કરી જ બેસે છે. ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનેશ્વર ભગવાનની પ્રતિમા માટે શાસ્ત્રાધારો

( સંપાદક ર. ગાંધી )

જૈન દર્શનના અમુક ફીરકા મૂર્તિ પૂજાને સ્વીકારતા નથી, પરંતુ જો શાસ્ત્રાધારો તપાસે અને હૃદયમાં સરલતા હોય અને સત્ય તથા પ્રમાણિક હકીકત સ્વીકારવી હોય તો તેવા અધિકારો નીચે પ્રમાણે છે.

જીવાભિગમ સૂત્રમાં વિજયદેવે જિન પ્રતિમા પૂજ્યાનો અધિકાર છે.

ભગવતી સૂત્રના વીશમા શતકમાં જંઘાચારણે પ્રતિમાને વંદન કર્યાની હકીકત છે.

તેજ આગમમાં તુંગીયા નગરીના શ્રાવકોએ જિનપ્રતિમા પૂજ્યાનો અધિકાર છે.

ઉપાશકદશાંગસૂત્રમાં આનંદ શ્રાવકે જિનવર અને જિન બિંબવિના બીજાને વંદન પૂજન કરૂં નહિં તેવો નિયમ કર્યો હતો તેમ બીજા નવ શ્રાવક માટે પણ તેમ છે.

કલ્પસૂત્રમાં શ્રી મહાવીર પ્રભુના પિતાએ જિન પ્રતિમા પૂજ્યાનું જણાવ્યું છે.

ઉવવાઇ સૂત્રમાં અંબડ શ્રાવકે જિન પ્રતિમા પૂજ્યાનું કહેલ છે અને ઘણા જિનમંદિરોનું વર્ણન છે.

જંબુદ્વીપપન્નતિ સૂત્રમાં યમક દેવતાદિકોએ જિનપૂજા કરી છે.

નંદી સૂત્રમાં વિશાળા નગરીની અંદર શ્રી મુનિસુવ્રત સ્વામીની મહા-પ્રભાવિક સ્થુભ છે તેમ જણાવ્યું છે.

અનુયોગદ્વાર સૂત્રમાં સ્થાપના માનવા જણાવેલ છે.

આવશ્યક સૂત્રમાં જુદા જુદા ઘણા અધિકાર છે.

વ્યવહાર સૂત્રમાં પ્રથમ ઉદ્દેશે જિન પ્રતિમાની આગળ આલોયણા કરવા કહેલ છે.

સંપ્રતિ રાજાએ સવાલાખ જિનમંદિરને સવાક્રોડ જિનપ્રતિમા ભરાવી તે હાલ દેખાય છે.

અભયકુમારે મોકલેલ શ્રી ઋષભદેવસ્વામીની પ્રતિમાથી આર્દ્રકુમારે પ્રતિબોધપામી આત્મકલ્યાણ સાધ્યું.

શય્યંભવસૂરિ શ્રી શાંતિનાથની પ્રતિમા દેખી પ્રતિબોધ પામ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનપ્રતિમાની ભક્તિથી શ્રી શાંતિનાથ પ્રભુનાજીવે તીર્થંકર ગોત્ર બાંધ્યું અને જિનભક્તિ કરવાથી તીર્થંકર ગોત્ર બંધાય છે તેમ શ્રી જ્ઞાતા સૂત્ર કહે છે.

જિનપ્રતિમા પૂજન તે તીર્થંકરનીજ પૂજા છે તેમ શાસ્ત્રો કહે છે.

જિનપ્રતિમા પૂજનથી સંસારનો ક્ષય થઇ મોક્ષ થાય એમ આવશ્યક સૂત્રમાં કહેલ છે.

શ્રી રાયપશ્રેણી સૂત્રમાં જિનપ્રતિમા પૂજવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે તેમ જણાવેલ છે અને તેજ સૂત્રમાં સૂર્યાભદેવતાએ પ્રતિમા પૂજ્યાનો અધિકાર છે.

જિનેશ્વરની પૂજા કરતાં નાગકેતુ શુદ્ધ ભાવના વડે કેવળજ્ઞાન પામેલ છે.

દુર્ગતા નારી પરમાત્માની ફૂલ પૂજા કરતાં કેવળજ્ઞાન પામી.

શ્રી રાયપશ્રેણી સૂત્રમાં સત્તરભેદી પૂજા ચરિત્રમાં ગણધર મહારાજાના સત્તરપુત્રે સત્તરભેદમાંથી એક ભેદે પૂજા કરવાથી તેજ ભવે મોક્ષમાં ગયા તેમ જણાવેલ છે.

જ્ઞાતા સૂત્રમાં દ્રૌપદીએ જિનમંદિરમાં જઇ જિનપૂજા કરી શક્રસ્તવ કર્યું છે.

શ્રી નંદીસૂત્રમાં મહાકલ્પ સૂત્રનું નામ છે જેમાં જણાવેલ છે કે મુનિ તથા પોષધ કરેલ શ્રાવક જિન પ્રતિમાના દર્શન કરે નહિં તો પ્રાયશ્ચીત લાગે.

શ્રી દશવૈકાલિક સૂત્રના આઠમાં અધ્યયનમાં ભિંત ઉપર સ્ત્રીની મૂર્તિ ચિતરેલી હોય તે મુનિએ જોવી નહિં તેથી વિકાર ઉત્પન્ન થવાનો સંભવ છે તેમ કહેલ છે, તો જિનેશ્વર ભગવાનની શાંત, વૈરાગ્ય મૂર્તિ જોતાં દર્શન કરતાં વૈરાગ્ય પ્રાપ્ત થાય અને આત્મકલ્યાણ અવશ્ય થાય જ.

ઉપરોક્ત અધિકારો શાસ્ત્રોમાં છે જેથી જિનેશ્વર ભગવાનના અભાવે 'જિન પ્રતિમા જિન સારખી' શાસ્ત્રોમાં કહેલ છે. આટલું છતાં **જૈન** નામ રધાવનાર જૈન પ્રતિમા તેમજ વંદન પૂજન નહિં માનનાર, નહિં કરનાર કેમ જૈન હોઇ શકે ?

આ સિવાય જિન પ્રતિમા પૂજાદિકના વર્ણનો હકીકતોના બીજા અનેક દાખલાઓ છે તે હવે પછી.

( ચાલુ )

---

આ જગતનાં વંદનપૂજનને કાદવના ખાડા જેવાં જાણવાં. કાંટો બહુ સૂક્ષ્મ છે, તથા મહા મુસ્કેલીએ કાઢી શકાય તેવો છે, માટે વિદ્વાને તેની સરસા ન જવું.

દૂર દેશાવારથી વેપારીઓએ આણેલાં રત્નો રાજાઓજ ધારણ કરી શકે છે તેમ રાત્રિભોજન ત્યાગ સાથેના આ મહાવ્રતો પણ કોઈ વીરલાજ ધારણ કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ સકાર સ્વાર્થ ત્યાગ

( અનુ. વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ )

( ગતાંક ૫ પૃષ્ઠ ૧૦૨ થી શરૂ. )

સ્વાર્થ ત્યાગનો શબ્દાર્થ થાયછે પોતાના પ્રયોજન–મતલબનો ત્યાગ ખરો સ્વાર્થ ત્યાગી એજ છે કે જેને કોઈપણ હેતુ સાથે સંસારમાં કાંઇપણ પ્રયોજન નથી હોતું. જ્યાંસુધી પ્રયોજન હોય છે ત્યાંસુધી સ્વાર્થ હોય છે. જરૂર પ્રયોજન અનુસાર જ સ્વાર્થના સ્વરૂપમાં તફાવત હોય છે. જે પોતાના શરીરના આરામ ખાતર જ સંસારમાં કાર્ય કરે છે તે પણ સ્વાર્થી છે, તેમજ જે વિશ્વને પોતાનું સ્વરૂપ માનીને કાર્ય કહે છે તે પણ સ્વાથી છે. પરંતુ બન્નેમાં મોટો તફાવત છે તે તફાવત ' સ્વ ' ના સંકોચ તથા વિસ્તારનો. જેનો ' સ્વ ' જેટલો સંકુચિત હોય છે તેટલુંજ તેના પ્રયોજનનું સ્વરૂપ પણ દૂષિત હોય છે અને તેટલો જ તે વધારે સ્વાર્થી હોય છે, તેમજ જેનો ' સ્વ ' જેટલો વિસ્તૃત હોય છે. તેટલું દોષરહિત તેના પ્રયોજનનું સ્વરૂપ હોય છે. તે વધારે સ્વાર્થ ત્યાગી હોય છે. કોઇનો 'સ્વ' પોતાના શરીર માત્રમાં મર્યાદિત હોય છે, કોઇનો પરિવારમાં, કોઇનો સમાજમાં, કોઇનો જાતિમાં, કોઈનો દેશમાં, કોઇનો વિશ્વમાં અને કોઈનો પરમાત્મા સુધી વિસ્તૃત હોય છે પોતપોતાના સીમાવિસ્તારની સાથે જ ત્યાગની માત્રા વધતી જાય છે. અને ભગવાનમાં સ્થિતિ થઇ જવી એજ ત્યાગનું સ્વરૂપ છે, એજ વાસ્તવિક સ્વાર્થત્યાગ છે. પરંતુ ત્યાગ જેટલો જેટલો વધારે થાય છે તેટલો તેટલો ત્યાગ કરનાર પુરૂષ એટલો ત્યાગ ન કરનારની અપેક્ષાએ સ્વાર્થત્યાગી ગણાય છે. આ પરિભાષા અનુસાર પોતાના શરીરના આરામનો ખ્યાલ છોડી દઇને કાર્ય કરનાર પુરૂષ જગતમાં ઓછાવત્તા સ્વરૂપે સ્વાર્થત્યાગી ગણાય છે.

એટલું તો કહેવાઈ ગયું છે કે સ્વાર્થની સીમા જેટલી વધારે સંકુચિત હોય છે તેટલી જ તેને વધારે દૂષિત થવાની સંભાવના રહે છે. કેમકે સંકુચિત સ્વાર્થ મનુષ્યને આંધળો બનાવી મૂકે છે, એનાથી એને કેવળ પોતાનું પ્રયોજન જ સુઝે છે. પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે તે બીજાના પ્રયોજનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરાપણ પરવા નથી કરતો. એટલુંજ નહિ પણ તક મળતાં બીજાના પ્રયોજનનો નાશ કરીને પણ પોતાનું પ્રયોજન સિદ્ધ કરવા ઇચ્છે છે. આ સ્વાર્થાન્ધતાને કારણેજ જગતનો ઇતિહાસ રોમાંચકારી, ભયાનક ઘટનાઓથી ભરપૂર છે. એના કારણેજ વિશ્વાસઘાત, ચોરી, છેતરપીંડી વગેરે થાય છે અને નિર્દોષ પ્રાણીઓના તેમજ ભાઇભાઇના લોહીથી પૃથ્વીના પવિત્ર રજકણો રંજીત બને છે. એના કારણેજ હલકામાં હલકા હત્યાકાંડો અને ખરાબમાં ખરાબ પાપોનો પ્રાદુર્ભાવ જગત્માં થયો છે અને થઇ રહ્યો છે. અને એના કારણે જ આનંન્દપૂર્ણ સંસાર હમેશાં દુઃખ તેમ જ અશાંતિથી ભરપૂર ભીષણ નરક જેવો બની રહે છે.

પરંતુ ઇશ્વરકૃપાથી પ્રાપ્ત થયેલ સત્સંગ અને સદ્ગ્રંથોના અધ્યયન તેમજ ઇશ્વરભજનના પ્રતાપે જ્યાં જ્યાં સંકુચિત ક્ષુદ્ર સ્વાથનો ત્યાગ થાય છે અને 'સ્વ' ની સીમા આગળ વધે છે ત્યાં ત્યાં તે ત્યાગીના સ્વાર્થમાં પવિત્રતા વધતી જાય છે. એ 'સ્વ' ની સીમાની વૃદ્ધિને લઇનેજ મનુષ્ય પોતે કષ્ટ સહન કરીને કુટુંબ પરિવારનું પાલન કરે છે, પરિવારની પરવા ન કરતાં સમાજસેવામાં લાગી જાય છે, સમાજના સ્વાર્થને ક્રમે ક્રમે જાતિ, દેશ અને વિશ્વના સ્વાર્થમાં વિલીન કરીને વિશ્વસેવાને જ પોતાની સેવા, વિશ્વસુખનેજ પોતાનું સુખ, વિશ્વાત્માને જ પોતાનો આત્મા માનવા લાગે છે. આ દ્રષ્ટિએ જે દેશાત્મબોધ થાય તેજ સાચી દેશભક્તિ છે. અને વિશ્વાત્મબોધમાંજ સાચુ વિશ્વબંધુત્વ છે. કેમકે એ અવસ્થામાં દેશનો સ્વાર્થ એજ આપણો સ્વાર્થ તથા વિશ્વનું પ્રયોજન એજ આપણું પ્રયોજન બની જાય છે. જ્યાંસુધી ક્ષુદ્ર સ્વાર્થની સીમામાં મનુષ્ય વિચરણ કરે છે ત્યાંસુધી તે દેશ અને વિશ્વની સેવાનું નામ લેતાં છતાં પણ સાચી દેશસેવા અથવા વિશ્વસેવા નથી કરી શકતો. જ્યાં પોતાના ક્ષુદ્ર સ્વાર્થની સાથે દેશ યા વિશ્વના સ્વાર્થમાં વિરોધ ઉપસ્થિત થાય છે ત્યાં તે પોતાના ક્ષુદ્ર સ્વાર્થ માટે દેશ યા વિશ્વના સ્વાથની પરવા નથી કરતો. તે દેશ યા વિશ્વના સ્વાર્થની વેદિ ઉપર પોતાના સ્વાર્થનું બલિદાન નથી આપી શકતો. દેશ તથા વિશ્વની સેવા ખાતર દેશાત્મબોધ અને વિશ્વાત્મબોધની વિસ્તૃત ભૂમિ ઉપર પહોચવું પડે છે. એ ભૂમિપર પહોંચ્યા વગર દેશભક્તિ તથા વિશ્વાત્મબોધની વાતો એ માત્ર ચેષ્ટાઓજ હોય છે, એ તો પ્રકારાન્તરથી પોતાના ક્ષુદ્ર સ્વાર્થની પૂર્તિનું સાધનમાત્ર જ હોય છે; એથી એવા વ્યક્તિગત સ્વાર્થની સીમા જેણે ઉલ્લંઘી ન હોય એવા સેવકોથી દેશની અને વિશ્વની સાચી સેવા કદિ પણ નથી થઇ શકતી. જો ખરેખરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે કોઇ દેશનો કે વિશ્વનો મનુષ્ય દેશાત્મબોધ યા વિશ્વાત્મબોધની ભૂમિપર પહોંચી જાય તો જરૂર અહિંનો ક્ષુદ્ર સ્વાર્થમૂલક વૈરવિરોધ, હત્યાકાંડ વગેરે અસુખ, અશાંતિનો વિનાશ થઇને દેશ યા વિશ્વ સુખી થઈ શકે છે. જરૂર એ સુખ–શાંતિ શાશ્વત અને પૂર્ણ નથી હોતી કેમકે એ દેશો અને વિશ્વ અને એના જુદા જુદા નામ સ્વરૂપવાળા પદાર્થ પરિવર્તનશીલ, અશાશ્વત, ક્ષણભંગુર અને વિનાશી જ છે,

યથાર્થ સુખશાંતિ તો એ પૂર્ણતમ પરમવાંચ્છનીય પરમ સ્વાર્થમાં રહે છે કે જેનું સ્વરૂપ જ પરિપૂર્ણતમ અને શાશ્વત દિવ્ય સુખશાંતિરૂપ છે અને જેને જાણવું એજ પૂર્ણતમ સ્વાર્થત્યાગ કહેવાય છે.

એટલું સ્મરણમાં રાખવું જોઇએ કે આપણે જે વિશ્વમાં રહીએ છીએ તેજ એક માત્ર વિશ્વ નથી, આપણને ખબર નથી કે આનાથી મોટા અને નાના બીજા કેટલા અસંખ્ય વિશ્વ છે. આપણે જે વિશ્વમાં છીએ તે વિશ્વના સ્વરૂપનું પણ આપણને પુરૂં જ્ઞાન નથી. આપણે તો આ વિશ્વના એક જમ્બુદ્વીપની પણ સ્થિતિ નથી જાણતા એવી સ્થિતિમાં આપણે આપણી ક્ષુદ્ર બુધ્ધિવડે વિશ્વનું હિત શામાં રહેલું છે એ કેવીરીતે જાણી શકીએ? અને જ્યારે એક વિશ્વના હિતનો પત્તો નથી તો પછી અનન્ત વિશ્વોના હિતાહિત કે જે સાથે આપણા વિશ્વનું તથા આપણું હિતાહિત સંલગ્ન છે તે કેવી રીતે જાણી શકીએ? વિશ્વનું હિતાહિત તો કેવળ પરમ કલ્યાણ રૂપ ભગવાન જ જાણે છે અને એથી જ તેની ભાવના સ્વભાવથી જ વિશ્વકલ્યાણ માટે જ હોય છે. અને એને લઇનેજ તેની પ્રત્યેક ચેષ્ટામાં પરમ કલ્યાણ જોનાર તેનો કૃપાપાત્ર ભક્ત એક માત્ર એના ઇશારાપ્રમાણે નાચવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે અને તેમાં જ તમામ વિશ્વોનું તથા પોતાનું પરમ મંગળ જુએ છે. એટલા માટે તે સઘળું તજી દઇને નાનામોટા તમામ સ્વાર્થો ને એ ચરમ પરમાર્થની પ્રેમાગ્નિમાં હોમી દે છે.

જગતમાં આપણી જેવા સાધારણ મનુષ્યો માટે તો છેવટે ઉંચામાં ઊંચુ ધ્યેય વિશ્વના સ્વાર્થમાં પોતાનો સ્વાર્થ ભેળવીને વિશ્વસેવામાં નિયુક્ત થવું એજ છે. એ ભૂમિકા સુધી પહોંચ્યા પછી જ, સૌને આત્મરૂપ સમજ્યા પછી જ, સર્વ પ્રાણીના હિતને આત્માહિત સમજીને તેમાં નિરંતર નિરત થયા પછી જ ભગવાનની એ પ્રેમરૂપા પરાભક્તિ પ્રાપ્ત થાય છે. એટલા માટે નીચે લખેલી બાબતો ખ્યાલમાં રાખીને યથા સાધ્ય વધારેમાં વધારે સ્વાર્થ ત્યાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો જોઇએ. એટલું યાદ રાખવું જોઇએ કે જ્યાં સ્વાર્થ છે ત્યાં પ્રેમ કદાપિ નથી હોતો. અને પ્રેમ વિના લૌકિક જીવન સુખમય નથી થઈ શકતું, તેમ જ પ્રેમમય પરમાત્માની પ્રાપ્તિ તો થઇજ શકતી નથી.

( ૧ ) એવું કોઈપણ કાર્ય ન કરવું જોઇએ કે જેમાંથી બીજાના ન્યાય્ય સ્વાર્થને નુકસાન પહોંચે.

( ૨ ) બની શકે ત્યાં સુધી વિષયોની આસક્તિ, કામના તથા અભિમાનનો ત્યાગ કરવો જોઇએ. આસક્તિ, કામના તથા અભિમાન સ્વાર્થને અત્યંત દૂષિત બનાવીને આપણે હાથે બીજાનું ખરાબ કરાવે છે જેથી પરિણામે આપણું અત્યંત અહિત થાય છે.

( ૩ ) બીજાના હિતમાં પોતાનું હિત, બીજાના લાભમાં પોતાનો લાભ માનવાની ભાવના સેવવી જોઇએ.

( ૪ ) ધન, માન, યશ તથા પદવીની કામના છોડવાનો યત્ન કરવો જોઇએ.

( ૫ ) બીજાનું અનિષ્ટ કરવું તે તો મહાપાપ છે

( ૬ ) બીજાનું હિત કરવું તે મોટું પુણ્ય છે.

( ૭ ) જે કાર્યથી બીજાનું યથાર્થ હિત થાય છે તેનાથી પરિણામે આપણું અહિત થતું જ નથી.

( ૮ ) જે કાર્યથી બીજાનું અહિત થાય છે તેનાથી આપણું હિત થઈ શકતું જ નથી.

( ૯ ) આપણા પોતાના હિતખાતર બીજા લોકોનું, પરિવારના હીત ખાતર બીજાના પરિવારનું, જાતિના હિત ખાતર બીજી જાતિનું, ધર્મના હિત ખાતર બીજાના ધર્મનું, દેશના હિત ખાતર બીજાના દેશનું કદિપણ અહિત ન ઇચ્છો. એવું ઇચ્છનારનું ખરેખરૂં હિત કદિ પણ નથી થઇ શકતું.

(૧૦) આપણા પોતાના સંતાન માફક જ ભાઈના સંતાનને ચાહો. ખાન, પાન, વસ્ત્રાભૂષણ વગેરેમાં જરા પણ ભેદ ન કરો. ભેદ કરવો હોય તો એનો ખ્યાલ પહેલાં રાખો પોતાના સંતાનને કોઇ ચીજ ન મળે તો કાંઇ નહિ, પરંતુ તેના સંતાનની જરૂરીયાતો પહેલાં પુરી પાડવાનો યત્ન કરો. આ વાત મામુલી લાગે છે, પરંતુ એવી મામુલી વાતમાં દોષ આવે છે, તો મોટા મોટા કુટુંબ કોર્ટમાં જઇને પાયમાલ થઇ ગયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૧) યાદ રાખો, લૌકિક દૃષ્ટિથી શ્રી રામ તથા ભરત વચ્ચે યુદ્ધ ન થયું કેમકે બન્ને સ્વાર્થ ત્યાગી હતા, શ્રીરામે ભરતને કહ્યું કે રાજ્ય તમે કરો અને ભરતે શ્રી રામને કહ્યું કે મહારાજ, રાજ્યપર અધિકાર આપનોજ છે. પરંતુ કૌરવ પાંડવો વચ્ચે યુદ્ધ થઇ ગયું કેમકે તે બન્ને પોતપોતાના સ્વાર્થનો ત્યાગ કરવામાં અસમર્થ હતા.

(૧૨) બીજાને હલકા બનાવીને, અથવા હલકા બતાવવા માટે કદિ પણ ઉંચા બનવાની ઇચ્છા ન કરો.

(૧૩) બીજાના દોષોને સ્વાર્થ વશ થઇને કદિ પણ પ્રકટ ન કરો.

(૧૪) કોઇ એવો કાયદો બનાવવામાં અથવા કોઇ પણ કાર્યમાં તન મન ધનથી કદિ પણ સહાયતા ન આપો કે જેનાથી કોઇ પ્રાણીનું અહિત થતું હોય.

(૧૫) બીજાનો સ્વાર્થ જાળવીને જ પોતાનો સ્વાર્થ સાધવાનો યત્ન કરો.

(૧૬) સ્વાર્થ મનુષ્યને અસત્ય અન્યાય, હિંસા, ચોરી, છળકપટ, દંભ, કટુભાષણ, કુવ્યવહાર, અસદાચાર આદિ દોષોનો ભંડાર બનાવી દે છે જેથી ભવિષ્યમાં તેના સ્વાર્થને મોટું નુકસાન થાય છે એટલા માટે જે કાર્યોમાં એ દોષો આવવાની સંભાવના હોય તેમાં આપણા સ્વાર્થનું ભારે નુકસાન સમજીને તે કામો છોડી દો.

(૧૭) અનાજના વેપારી હો તો દુષ્કાળ વખતે અનાજની તેજી થઈ જવાની સંભાવનાથી તેનો સંગ્રહ ન કરો.

(૧૮) વકીલ હો તો કદિ પણ એવું ન ઇચ્છો કે લોકો વધારે અનીતિમાન થાય અને કોર્ટમાં દાવા વધે.

(૧૯) મેજીસ્ટ્રેટ હો તો પોતાના સ્વાર્થ ખાતર કદિ પણ અન્યાય ન કરો.

(૨૦) ખેડુત હો તો પોતાનું પાલન કરનારના હક્ક છીનવી લેવાનો યત્ન કરો.

(૨૧) ગુરૂ કે આચાર્ય હો તો શિષ્યોને એવો ઉપદેશ આપો કે એનાથી તેનું કલ્યાણ થાય.

(૨૨) શિષ્ય હો તો ખરા દિલથી ગુરૂની સેવા કરવામાં મ્હોં ન બગાડો

(૨૩) પોલીસ હો તો લાલચ વશ થઇને સાચાને જુઠું અને જુઠાને સાચું બનાવવાનું કાર્ય ન કરો, ગરીબ લોકોને ન સતાવો. લોકોને સુખ થાય એવી રીતે વર્તો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૪) દલાલ હો તો દલાલી ખાતર વેપારીઓને ખરીદવા, વેચવામાં નુકસાન ન પહોંચાડો.

(૨૫) વેપારી હો તો માપ, વજન, હિસાબ વીગેરેમાં સાચા રહો. ન વધારે લ્યો કે ન ઓછું આપો. નમુનો દેખાડીને બીજો માલ ન આપો. એક ચીજમાં બીજી ચીજ ન ભેળવો. ખાવાની ચીજોમાં બીજી ચીજો ભેળવીને સ્વાર્થી વેપારી લોકોના ધન, ધર્મ તથા સ્વાસ્થ્યનો નાશ કરવાના કારણુ બનીને મહાપાપ વ્હોરે છે. સાવધાન રહો.

(૨૬) ડોકટર કે વૈદ્ય હો તો લોભ વશ બનીને એવું કદિ પણુ ન ઇચ્છો કે લોકોમાં બીમારી વધારે ફેલાય. કદિ પણુ એવું ન કરો કે જેનાથી રોગી માણુસનો રોગ લાંબો વખત ચાલે, તમારા એવા પ્રયાસથી કશું પણુ નહિ થાય, પાપનો સંગ્રહ અવશ્ય થશે.

(૨૭) ગરીબ લોકોના પેટ ભરવા માટે જે ચીજોની જરૂરીયાત હોય છે તેના ભાવ વધારવાની ચેષ્ટા લોભ વશ થઇને ન કરો.

(૨૮) ગરીબ નોકરો તથા મજુરોને એટલું મહેનતાણું તો જરૂર આપો કે જેનાથી એનું પેટ ભરાય, એના પૈસા કદિ પણુ ન કાપો.

(૨૯) ધનથી, વિદ્યાથી, ચાતુરીથી, રૂવાબથી, અધિકારથી, કોઈના હક છીનવી લેવાની ચેષ્ટા કે ઇચ્છા કદિ પણુ ન કરો.

(૩૦) ગરીબોની ગરીબાઈ વધે એવા કામ લોભવશ થઇને ન કરો.

(૩૧) ગરીબોની આજીવિકા લઇ લેવાની પ્રત્યક્ષ કે પરોક્ષ ઇચ્છા પણુ ન કરો.

(૩૨) પરિવારના સઘળા માણુસોનો પોતાની કમાણીમાં ઈશ્વરદત્ત અધિકાર રાખજો, એવું અભિમાન ન કરો કે હું એકલો કમાઉં છું અને બીજા બધા માત્ર ખાનારા જ છે.

(૩૩) સૌની સાથે પ્રેમ વધારવાની ચેષ્ટા કરો. યાદ રાખો કે નિસ્વાર્થ સેવાથી પ્રેમ અવશ્ય વધે છે એટલા માટે સૌની યથાયોગ્ય, યથાસાધ્ય નિસ્વાર્થ સેવા કરવાનો પ્રયત્ન કરો.

(૩૪) સ્વાર્થ સાધવા ખાતર કોઇને પણુ ખોટા સિદ્ધાંત ન બતાવો. જાણી બુજીને નુકસાન ન પહોંચાડો.

(૩૫) યાદ રાખો. શરીર નશ્વર છે અહિંનું કાંઇ પણુ સાથે નહિ આવે. એટલા માટે સ્વાર્થ વશ થઇને પાપ ન વ્હોરો.

For Private And Personal Use Only

# મારવાડ યાત્રા.

લે૦ મુનિ૦ શ્રી ન્યાયવિજયજી.

ગતાંક ૫ પૃ. ૧૧૫ થી શરૂ

**રાતા મહાવીરજી**—અત્યારે આ સ્થાન વેરાન જંગલમાં પડયું છે. એ સ્થાને એકલા આદમીને દિવસે જતાં પણ ડર લાગે એવું ભયંકર સ્થાન છે. આજે ત્યાં કોઇ આદમી રાત્રિ નથી રહેતું. પહેલાં અહીં **હસ્તિકુંડી** ( હથુંડી ) નામનું મોટું શહેર હતું; જે પરમારોની પ્રાચીન રાજધાનીનું નગર હતું. [1]અહીં રાઠોડ વંશીય રાજા [2]વિદ-

આ વિષયમાં ત્યાંથી મળેલા લેખોમાં નીચે મુજબ વર્ણન છે.

१ राजधानी भुवाभर्त्तुस्तस्यास्तेहंस्तिकुंडिका
अलका धनदस्येव धनाढय जन सेविता ॥ २२ ॥

२ पूर्वं जैनं निजमिव यशो [ कायद्ध ] स्तिकुन्ड्यां
रम्यंहर्म्यं गुरुहिमगिरेः शृंग सृं ( शृं )गारहारि ॥ ६ ॥
विदग्धनृपकारितेजिनगृहे (०)ऽतिजिर्ण्णे पुनः ॥

પ્રથમના પદ્યમાં એવો ઉલ્લેખ છે કે રાજા એ હસ્તિ કુંડીમાં મનોહર ઉંચુ જીનમંદિર બનાવ્યું અને છેલ્લા પદ્યમાં વિદગ્ધ રાજાએ કરાવેલા અતિજીર્ણ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે અર્થાત્ વિદગ્ધરાજે જીન મંદિર બનાવરાવ્યું હતું. જીર્ણોદ્ધાર સમયે પણ " अतिष्ठिपत् सोपाथ

---

(૩૬) કોઈ પણ અનાથ, અસહાય પુરૂષ, બાળક કે વિધવા સ્ત્રીની બને તેટલી સેવા તથા રક્ષા કરો.

(૩૭) સેવા કે પરોપકારના કાર્યોનો કદિ પણ સ્વાર્થ વશ થઇને વિરોધ ન કરો.

(૩૮) પોતાના કોઇ ભાઈ કે ભાગીદારની સરળતાનો અનુચિત લાભ લઇને તેના હક્ક છીનવી લેવાની ચેષ્ટા ન કરો. ભાગીદારી ચાલુ હોય ત્યારે કે પોતાનો ભાગ જુદો કરતી વખતે ચાલાકીથી તેના હક્કની એક પાઇ પણ લેવાની ઈચ્છા સરખી ન કરો.

(૩૯) પોતાની કીર્તિ ખાતર બીજાની કીર્તિ બગાડવાનો યત્ન કદિ ન કરો.

(૪૦) કોઇને દબાવીને, દુઃખ દઇને, વાતોમાં ફસાવી, ખોટો લોભ દેખાડીને પોતાનો સ્વાર્થ સાધવાની વૃત્તિ ન રાખો.

(૪૧) ઈશ્વરનું પૂજન, ભજન કરો, ગરીબોને યથાસાધ્ય દાન આપો પરંતુ બદલાની જરાપણ ઇચ્છા ન રાખો.

(૪૨) જપ તપ કરો, દેશ, કાળ પાત્રમાં દાન કરો, પરંતુ તેના ફળની ઇચ્છા ન કરો. જે કાંઇ કરો તે બધું પ્રભુના નામે કરો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્ધરાજે સુંદર પ્રાચીન જીનમંદિર શ્રી ઋષભદેવજીનું મંદિર બંધાવ્યું હતું. પુનઃ શાંતિભદ્રસુરિજીના ઉપદેશથી ત્યાંના ગોષ્ઠી (ગોઠી) સંઘે જીર્ણોદ્ધાર કરાવ્યો છે અને ૧૦૫૩ માં માઘ શુદિ ૧૩ શાંતિસુરિજીએ પ્રથમ તિર્થંકરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી છે.

એ સમયે ત્યાંના વિદ્યમાન રાજા ધવલરાજે પોતાના પુત્રની સાથે વિચારીને અરઘટ્ટ સહિત પીપ્પલ નામનો કુવો મંદિરને ભેટ કર્યો છે. એનો ઉલ્લેખ છે પણ એની સાથે પૂર્વમાં એમ જણાવ્યું છે કે વિદગ્ધરાજે પોતાના શરીરના ભાર પ્રમાણે સુવર્ણ તોલીને દાન કરાવ્યું હતું જુઓ એ આખુંયે પદ્ય–

" विदग्ध नृपतिः पुरा यद् तुलं तुलादे (०) र्ददै ।
सुदानमवदान धीरिदम पीपलन्नदि श्रुतम् ।
यतोधवलभूपतिर्जिनपतेः स्वयं सारम ( जो )
रघट्टमथ पिप्पलोपप्र( दक्रू )पकं प्रादिशत् ॥ ३८ ॥"

વિદગ્ધરાજે ૯૭૩ પહેલાં આ મંદિર બનાવ્યું છે અને ત્યાર પછી ૧૦૫૩ માં જીર્ણોદ્ધાર થયો છે. આ બધા ઉલ્લેખોના પ્રમાણભૂત તે વખતનો એક પ્રાચીન શિલાલેખછે.

આ પ્રાચીન મહત્વનો લેખ સૌથી પ્રથમ કેપ્ટન બાર્ટ સાહેબે ઉદેપુર ( મેવાડ ) થી શિરોહી જતાં રસ્તામાં જોધપુર રાજ્યના વાલીપરગણા–ગોડવાડ પ્રાંતના બીજાપુર નામના ગામથી બે માઇલ દૂર આવેલા એક જૈન મંદિરના દરવાજા પાસેથી શોધી કાઢયો હતો. ત્યાંથી બીજાપુરના જૈન સંઘની ધર્મશાળામાં એ લેખ લઇ જવામાં આવ્યો. ત્યાંથી જોધપુર ગયો અને છેવટે ત્યાંથી અજમેરના મ્યુઝીયમમાં રાખવામાં આવ્યો જે અમે હમણાંજ અજમેરના મ્યુઝીયમમાં જોયો.

ઝાંખા બદામી રંગના પથ્થરમાં એ લેખ કોરેલો છે. સમયના અંતરની એ લેખ ઉપર જબરજસ્ત અસર થયેલી છે, અક્ષરો ઝાંખા થઈ ગયા છે અને બરાબર વંચાતા નથી. એ તો સારૂં થયું કે કેપ્ટનબાર્ટ સાહેબના હાથમાં આ લેખ આવ્યો અને તેમણે એ વાંચી ઐતિહાસિક લેખ ઉપર પ્રકાશ પાડયો.

આ લેખના આધારે તો અહીં પ્રથમ શ્રી ઋભદેવજીનું મંદિર હતું અને વિદગ્ધરાજે આ મંદિરના રક્ષણ માટે બહુજ સારી મદદ પણ કરી આપી હતી પરંતુ અત્યારે શ્રી ઋષભદેવજીનું મંદિર નથી પણ મહાવીર પ્રભુ–રાતા મહાવીર પ્રભુનું મંદિર છે.

આ રાતા મહાવીર પ્રભુનું મંદિર પણ પ્રાચીન છે અને ત્યાંના બે થાંભલા ઉપર ચૌદમી શતાબ્દિના લેખો મળે છે તેમાં—

" श्रीरातामिधान महावीर देवस्य " લખ્યું છે.

આ લેખ અદ્યાવધિ રાતા મહાવીરજીના વર્તમાન મંદિરના થાંભલા ઉપર વિદ્યમાન છે આ લેખમાં ॐ संवत् १३३५ वर्षे श्रावण वदि १ सोमे અર્થાત ૧૩૩૫ ના શ્રાવણ વદિ એકમને સોમવાર એમ લખેલું છે,

प्रथमतीर्थनाथाकृतिं " પ્રથમનાથની મુર્તિ બેસાડી છે એ ઉપરથી એમ લાગે છે વિદગ્ધરાજના સમયમાં પણ પ્રથમ તીર્થંકરની મૂર્તિ જ મુલનાયક હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે કે રાતા મહાવીર પ્રભુજી ચૌદમી શતાબ્દીમાં બિરાજમાન થયા હોય. આમાં એમ લાગે છે કે પૂર્વનું મંદિર જીર્ણ થયા પછી આ નવું મંદિર બન્યું તેમાં મહાવીર પ્રભુની મુર્તિ બિરાજમાન હોય અથવા તો નવું મંદિરજ બન્યું હોય. અત્યારના રાતા મહાવીરજીના મંદિરથી દૂર દક્ષિણમાં ૧-૧ાા માઇલ જંગલમાં દૂર એક બે જૈન મંદિરોનાં ખંડેર પડયાં છે. કદાચ એ પ્રાચીન મંદિર અને આ બંને મંદિરો વિદ્યમાન હોય અને પાછળથી એ તુટી જવાથી યા તો કોઇએ તોડવાથી ત્યાંથી મૂર્તિ વગેરે ઉઠાવી લીધાં હોય; પરંતુ મોટો શિલાલેખ તો મહાવીરજીના મંદિરમાંથીજ ઉપલબ્ધ થયો છે, એટલે આ રાતા મહાવીરજીના મંદિરમાં પ્રથમ શ્રી ઋષભદેવજીની પ્રતિમા હોય-બિરાજમાન હોય અને પાછળથી બસો-ત્રણસો વર્ષ બાદ આ નવીન પ્રતિમાજી બિરાજમાન થયાં હોય એમ વધુ ઠીક લાગે છે અને જે અત્યારે ધ્વસ્ત થયેલાં છે એ કદાચ બીજાં મંદિરો હોય.

શ્રીમાન્ જીનવિજયજી એક વાત નવીન લખે છે.

" ગમે તેમ, પણ અત્યારે લેખમાં વર્ણવેલાં ઋષભદેવસ્વામિની પ્રતિમાવાળું અહીં વર્તમાનમાં એકે મંદિર નથી અને જે છે તે ગામથી અર્ધો ગાઉ દૂર રાતા મહાવીરનું મંદિર છે. ગામમાં શ્રાવકનું માત્ર એકજ ઘર છે."

આ ગામથી અર્ધો ગાઉ દૂર અને ગામમાં શ્રાવકનું માત્ર એકજ ઘર છે. એ ગામ કયું ? એ કાંઇ મારી સમજમાં ન આવ્યું. રાતા મહાવીરજીનું મંદિર એકલા જંગલમાં જ છે. ત્યાં અર્ધાગાઉ દૂરમાં એક પણ ગામજ નથી.

બીજાપુર તો એથી અઢીમાઇલ દૂર છે અને ત્યાં ઘર-જૈનોનાં ઘર ઘણાં છે. સામાપાટી-સેવાડી અહીંથી જંગલ રસ્તે ૪ થી ૫ માઇલ છે ત્યાં પણ ઘર ઘણાં છે. મૂળહસ્તિકુંડી ગ્રામ તો છેલ્લા પચાસ સો વર્ષથી નાશ પામ્યું હોય એમ લાગે છે. અત્યારે પહાડમાં કિલ્લાઉપર એ ગામનાં ખંડેરો પડ્યાં છે. ત્યાં શ્રાવકનું તો શું પણ અન્યજાતિનું એ એક પણ ઘર છે નહિં, હાં કદાચ કેપ્ટન બાર્ટ સાહેબના સમયમાં થોડાં ઝુંપડાં હોય અને એકાદ ઘર હોય તો ના નહિં; પરન્તુ એ વાત પણ સન્દેહ રહિત નથી લાગતી. અર્ધા ગાઉ દૂરમાં તો કોઇ ગામજ નથી. અસ્તુ.

આ રાતા મહાવીર નામ કેમ પડયું એમાં એમ લાગે છે કે લાલરંગના મનોહર કિમ્મતી પથ્થરમાં પ્રતિમાજી બનાવ્યાં હોય. અત્યારે તો લાલરંગનો લેપ છે. તીર્થ ચમત્કારી છે. ભિલ્લ અને મિયાણા પણ આ પ્રભુની આણા પાળે છે. અને પૂજે છે, ફળ, નૈવદ્ય, દૂધ, દહી ઘી આદિ ચઢાવે છે. એ લોકો માને છે કે ચોર પણ આ મંદિરની સામું નથી જોઈ શકતા અર્થાત્ ચોરો પણ આ પ્રભુજીની પ્રતિમાના ચમત્કારથી ડરે છે. અહીં જંગલમાં મંદિર છતાં ક્રુર પશુઓ પણ અહીં આવી ઉપદ્રવ નથી મચાવતા, કદાચ વાઘ આદિ આવે છે તો પણ કોઇને ઉપદ્રવ કર્યા સિવાયજ ચાલ્યા જાય છે. બધા નમનની આશા પુરે એવું ચમત્કારી તીર્થ છે. એટલાજ માટે તો શીલવિજયજી પોતાની તીર્થ માળામાં લખે છે કે

" રાતોવીર પુરીમન આસ. "

આ હસ્તિ કુંડીમાં રાઠોડો રાજપુતોનું રાજ્ય હતું. અને ત્યાં વિહરતા આચાર્યોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશથી તેઓ જૈન બન્યા હતા. ત્યાં વિહરતા આચાર્યોના નામથી **હસ્તિકુંડી** ગચ્છ પણ સ્થપાયો છે અને ત્યાંના પ્રતિબોધીત શ્રાવકો પણ **હથુંડીયા** તરીકે ઓળખાયા. હસ્તિકુંડી ગચ્છના એક આચાર્યે પ્રતિષ્ઠિત શ્રી ઋષભદેવજીની મૂર્તિ ઉપર ૧૩૫૨, ફાગણ શુદિ ૮ ગુરૂવાર નો લેખ છે જે મૂર્તિ ઉદેપુરના બાબેલાના મંદિરમાં છે એમ શ્રીમાન્ જીનવિજયજી પોતાના પ્રાચીન લેખ સંગ્રહમાં જણાવે છે.

અહીંથી મેવાડ ઉદેપુર જવાનો પહાડ રસ્તે એક સિધ્ધો રસ્તો છે અત્યારે મારવાડમાંથી ઉદેપુર જવાના મુખ્ય ચાર પાંચ પગ રસ્તા છે અને એ બધા રસ્તાના મુખ્ય શરૂઆતના માર્ગમાં એક એક જૈન તીર્થ છે.

એક રસ્તો અજારીથી સિધ્ધો ઉદેપુરનો છે. જયારે અજારી નાનીપંચતીર્થનું એક યાત્રા ધામ છે.

બીજો રસ્તો રાતા મહાવીરજી પાસેથી જાય છે. ત્યાં આ તીર્થ છે.

ત્રીજો રસ્તો રાણકપુરજીથી છે ત્યાં રાણકપુરજી તીર્થ છે.

ચોથો રસ્તો ધાણેરાવ પાસેથી નીકળે છે જયાં મુછાળા[1] મહાવીરજીનું તીર્થ છે. એની પાસેથીજ રસ્તો નીકળે છે.

પાંચમો રસ્તો દેસુરીનો ઘાટ છે ત્યાં પણ ઉત્તરમાં **સુમેરપુર** એક તીર્થ જેવું પવિત્ર ધામ છે.

એકવાર આ બધો પ્રદેશ મેવાડ રાજ્યના તાબામાં હતો ,અને એ રસ્તે વ્યાપારીઓ ઉંટ ગાડા આદિ દ્વારા વ્યાપાર કરવા જતા ત્યારે ઉદેપુરની પહાડીઓમાં જવાના મુખ્ય ઘાટો ઉપર વિસામો લેવા રોકાતા ત્યાં આવાં તીર્થ સ્થાનો સ્થાપયાં છે. આ ઉપરથી એમ પણ લાગે છે કે મેવાડ રાજ્યને, જૈન ધર્મ ઉપર પુરેપુરી ભક્તિ યાને પ્રેમ હતાં.

રાતામહાવીરજીથી ૦॥ માઇલ દૂર બે ત્રણ મંદિરોનાં ખંડિયેર પડ્યાં છે જયારે પહાડ ઉપર તો સેંકડો મંદિરો હતાં અને સંધ્યા સમયે ૧૦૮ ઝાલર વાગતી અર્થાત એ બધાં મંદિરોમાં સાંજની આરતી સમયે એટલી ઝાલર ઘંટાનાદ થતા અને દૂર દૂર સુધી એ અવાજ સંભળાતા. આજે તો એ સ્થાન બિહામણું, ભયંકર અને કોઇ અદભૂત લોકની પ્રતીતી કરાવે તેવું રહ્યું છે. અમારી સાથેના આ પ્રદેશના ભોમીયાએ અહીંની અનેક અદભૂત ચમત્કારી વાતો સંભળાવી. તીર્થનાં દર્શન કરી કાંટા કાંકરા અને ગોખરૂના રસ્તે પુનઃ અમે બીજાપુર પાછા આવ્યા. બીજા લંબાણના રસ્તે મોટર પણ આવે છે. ગૃહસ્થોને તો બીજાપુરથી વાહનદ્વારા અથવા સાદડીથી સિદ્ધિ મોટર આવે છે. તે દ્વારા આવી શકાય છે. ખાસ યાત્રા કરવા જેવું સ્થાન છે.

રાતામહાવીરજીના મંદિરમાં થાંભલાઓ ઉપર બે ત્રણ લેખો છે પરન્તુ પ્રાચીન લેખ સંગ્રહ ભાગ બીજામાં પ્રસિધ્ધ ઇતિહાસ વેત્તા શ્રીમાન્ જીનવિજયજીએ એ બધા લેખોનો સંગ્રહ કર્યો હોવાથી, અને તેના ઉપર વિસ્તારથી વિવેચન કર્યું હોવાથી એ લેખો મેં અહીં ઉતાર્યા નથી. એક લેખ ખાસ નોંધ્યો હતો. પણ તે આ લેખ સંગ્રહ પ્રમાણે મળતો છે. આ લેખ લખવામાં મેં એ લેખ સંગ્રહની પણ મદદ લીધી છે બાકી અમારો જાતી અનુભવ છે અહીથી જંગલી પહાડી રસ્તે અમે સિધ્ધા રાણકપુરજી ગયા. વચમાં આવતા ગામનું મંદિર પણ ભવ્ય અને દર્શનીય છે. **(ચાલુ)**

૧ ધાણેરાવથી બે માઈલ દૂર આ તીર્થ છે. જેનો પરિચય હું આગળ આપીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની શોધમાં—

તારવણી

પણ આ શું ? મંદમંદ વાતા સમીરની મીઠી લહરીઓમાં, મનોહર વૃક્ષની શીળી છાયામાં, સંત કે એમનો શિષ્ય આજે સમાધિમાં ન બેસતા વાર્તાલાપ કરતાં દૃષ્ટિગોચર થાય છે !

સંત—વિનય, ત્હેં અનુક્રમે ચાર દૃશ્ય નિહાળ્યા. આજે એ સંબંધી થોડી વિચારણા જરૂરી છે. મારો આશય કંઇ સીનેમાના ચિત્રપટો રજુ કરવાનો નથી. નજર સામે ચિત્ર ખડુ થતાં યથાર્થ ખ્યાલ લાવી શકાય એ કારણે જ આ પ્રયોગ કરવો પડ્યો છે.

આત્મા એટલે જીવ એ તો સૌ કોઇ સમજી શકે તેવો અર્થ છે પણ જ્યાં એ શબ્દના અતિ ઉંડાણમાં ઉતરવામાં આવે ત્યારે સમજાય કે એ શબ્દમાં કેવી તરતમના રહેલી છે. એના બાહ્યાત્મા–અંતરાત્મા અને પરમાત્મા એવા ત્રણ ભેદ થાય છે. આજકાલ જીવો જે જાતની કરણીમાં મોટા ભાગે મશગુલ ને તલ્લીન જણાય છે એમાં બાહ્યાત્મા જ મુખ્ય ભાગ ભજવતો નજરે આવે છે.

તેથી જ યોગીશ્વર આનંદઘનજીએ ગાયું છે કે—

' આત્મબુદ્ધ હો કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અઘરુપ ' ' આમ છતાં આત્મા એટલે અતિ મહત્વની વસ્તુ–અર્થાત્ જેના અભાવે વસ્તુ કે પદાર્થનું સત્વ નષ્ટ પામી જાય. કિંવા જેના જવાથી ચેતનત્વનો સંભવ જડમૂળથી ઉખડી જાય એવું એક દ્રવ્ય એમ કરીએ તો વાંધો ન આવે.

હવે વિચાર કર. પ્રથમ પેલા શ્રેષ્ઠિનું જીવન અવલોક. એ પૌષધ કરે છે, સ્વામીવાત્સલ્યના ભાવ એને જન્મે છે છતાં એ ક્રિયા પાછળ શું હાર્દ છે ? એ ઉકેલવાની શક્તિના એનામાં દર્શન નથી થતાં. જડ અને ચેતન પદાર્થોની યોગ્ય વહેંચણી તે નથી કરી શકતો. એટલે સાચું સ્વામીબંધુત્વ દાખવવાના કાળે, માની લીધેલી નિતિ કે પદ્ધતિના નામે વ્યવહાર અને ધર્મને ભિન્ન દર્શાવવાનો પ્રયાસ સેવે છે ! એમ કરવા જતાં આત્મ ઉત્ક્રાંતિની અમૂલ્ય ક્ષણ ગુમાવે છે ! પણ એને શું ઠપકો દેવો ? ત્યારપછીના જ્ઞાન-પંચમી–ઉપાશ્રય અને દેવસ્થાનમાં કરેલાં દૃષ્ટિપાતો પરથી સહજ પુરવાર થઇ શકે તેમ છે કે–ડાળ–પાંદડાને છોડી મૂળને વળગવાની વાતો કરનારા માનવીઓ પોતે પણ મૂળ શું છે એની પરીક્ષા નથી કરી શક્યા. મુદ્દાની પિછાન કર્યા વિના કેવળ ક્રિયાકાંડમાં જ લયલીન બન્યા છે. પરિણામ એ આવ્યું છે કે ' પંખી વિહુણા પિંજર ' જેવી દશા થઇ પડી છે ! આડંબર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધી પડયો છે ! પણ એનું હાર્દ શોધ્યું પણ જડતું નથી. ભાવપરમદાર બાંધનારા અને ભાવને જ સર્વ શ્રેષ્ઠ ગણનારા આપણે આજે સંખ્યા–દેખાવ અને ઉપરછલ્લા ભપકામાં રાચીએ છીએ ! જે પંચમીના પર્વમાં આગમ–જ્ઞાનની અમાપ ભક્તિ રહેલી છે. એ ટાણું ચોમાસું ગયા પછીના ભેજને ઉરાડવા સારૂ અને સૂર્યના કિરણો હેઠળ એ અણમૂલા ખજાનાને રાખવા સારૂ, તથા અભ્યાસદ્વારા સાહિત્ય સૃષ્ટિમાં નવનવા સર્જન કરવા સારૂ, જેનું સંયોજન કરાયેલ તે કેવળ આજે ' અચરે અચરે રામ ' જેવું બની રહેલ છે ! સમાજનો મોટો ભાગ માંડ પંચપ્રતિક્રમણ સમા વિધિસૂત્ર સુધી પહોંચે છે ! ત્યાં એ ખજાનામાં નવા સર્જનની આશા એ તો આકાશ કુસુમવત્ !

જેઓ દેશની અસ્થિર અને પલટાતી દશામાં પણ, સતત્ જાગ્રત રહી પરમાર્થ કાર્યમાં એકતાર બનતા ને પોતાના સમયનો વિશેષ કાળ સાહિત્ય રચવામાં પસાર કરતાં અર્થાત્ સરસ્વતીદેવીના થાળમાં જરૂર કંઇ ને કંઇ નવી ભેટ ધરતા–એ ત્યાગજીવન જીવતાં અલબેલા આત્માઓ આજે કયાં છે ? કેટલા છે ? વિચારતાં નથી લાગતું કે ઉપાશ્રયનું આજનું વાતાવરણ એ સાહિત્યમાં નવો સુર પૂરે કે જ્ઞાનની પ્રભા પ્રસરાવે તે કરતાં એકાદ ગામના ચોરાને વધારે મળતું આવે છે ? જે પર્વો શ્રાદ્ધગણના અંતરમાં ઉગી આવતાં અને જે વિધાનોમાં ન ચાલે જ ત્યાગીઓને ભાગ લેવો પડતો તેને સ્થાને આજે એ સર્વ કાર્યવાહી કોનાથી ગોઠવાય છે ! શ્રાવક માત્ર ધન ખરચી જાણે છે કે વધુ કંઈ સમજે છે ! અરે બીજું તો દૂર રહ્યું પણ જે કંકોત્રીઓ પ્રગટ થાય છે અને એમાં જે પદવીઓની ઠાંસાઠાંસ ભરી હોય છે એનો અથ સરખોએ સંઘના નામે મતુ મારનારા વિચારે છે ખરા કે ? સરસ્વતી દેવીના બહુમાન કે જૈનશાસનની પ્રભાવનાને બદલે ખરચાવનાર ને ખરચનારની વાહ વાહ પોકારાય છે. અલ્પકાળ પછી એ વાહવાહ બદલાઇ હવા હવા થઈ, સામે જ હવા પવનભેગી મળી જાય છે. સાધુ સંતો જો સાચા રાહ દર્શાવે તો શ્રાવકો આજે ચંદરવાના ભરત પાછળ પાંચસો હજાર ખરચે કે તત્વાર્થાધિગમ જેવું સુત્ર વિના મૂલ્યે બાઇબલની માફક છૂટથી પ્રચારવામાં વ્યય કરે ! પ્રભાવના ને શાસન જયકાર શામાં ? હજારોને જૈનદર્શનના રાગી બનાવવામાં ? પ્રભુ મહાવીરના અમૂલ્ય તત્વો સમજાવવામાં ? અથવા તો એનો ભિન્નભિન્ન ભાષામાં અનુવાદ કરાવી વિશ્વભરમાં દેશકાળાનુસારે પ્રચારવામાં ? કેવળ ઉધાપન નિમિત્તે જરીના ચંદરવા ભરવામાં ! કિંવા તાંબાપિત્તળના ઠામોને બદલે ચાંદી સોનાના ઠામો મૂકવામાં ! પછી એ પર મમત્વધરી, તાળાકુંચીઓમાં પુરવામાં ? કુદરતના ધામમાં અનોખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાત પાડતાં—સૌ કોઇને આકર્ષે તેવા અને નિવૃત્તિનો પાઠ પઢાવતાં ઉભેલા મૂળ તીર્થો મોજુદ છતાં અને આજે એ તરફ જવામાં ન મળે ભીતિ, ન ગણાય ધાસ્તી, કે ન રહે એમાં ખર્ચનો પણ પ્રશ્ન ! આબાળવૃદ્ધ ત્યાં પહોંચી શકે તેવી સુગમતા ને સરલતા ! આમ છતાં ગરગુડાને દેવદારના ખોખા ગોઠવી એ પર માટીચુનાને રંગના ભરમાર ભરી હજારો ખર્ચવામાં ગઢ રચનાનો લહાવો લુંટવો એ કેટલો વ્યાજબી છે ? પખવાડીયા પછી તો સ્વહસ્તે એને તોડી પાડવાપણું છે જ. તો પછી એ સારૂ આટલો ખરચ કાં ? જ્યારે સૌ કોઇ મૂળ તીર્થની યાત્રા કરી શકે ત્યારે આ જાતની રચનાનું શું પ્રયોજન ! પણ પેલી વિજળીબાઇના ચમકારમાં ચાલો તીર્થરચનાના દર્શન કરવાના છે, એવી વાણીમાં અને ગતાનુગતિત્વા સમા ટોળાના ગમનાગમનમાં જ જેને પ્રભાવના લાગતી હોય ! એ નિમિત્તે સ્વ યશોગાન સાંભળવાના મોહ હોય ત્યાં સાચી પ્રભાવના કે સાચી સાહિત્ય ઉપાસનાના દર્શન કયાંથી સંભવે ! હજારો પોકારો છતાં મહાવીર ચરિત્ર લખવાની કોને ફુરસદ મળે ! ઉપાશ્રયમાં વિરાજતાં ત્યાગીઓ ધારે તે જરૂર શ્રાવકોની આ ઘડીયાળનો કાટો યોગ્ય દિશાએ ફેરવી શકે તોજ સંગ્રામસોની કે પેથડશાની જ્ઞાનભક્તિની ઝાંખી થાય ! દેવાલય સાચે જ એક કાળે નિવૃત્તિના ધામ સમા હતા. ત્યાંથી વીતરાગતાના, કષાયજયના, નિર્લોભવૃત્તિ ધરવાના ને પરિગ્રહ પરની મૂર્છા ઘટાડવાના સંદેશા પ્રાપ્ત થતાં; પદ્માસન ધારી બિંબ સામેની દૃષ્ટિ જ મૂકભાવે એ સંદેશા આપતી. પણ આજનું જે દૃશ્ય જોયું એ પરથી કેવો બોધ મળવાનો ? વિનય ! ત્હેને નથી લાગતું કે આ બધામાંથી આત્મા અને સત્વ અથવા તો જેને મૂળભૂત તત્વ કહેવું એ સાવ ઉડી ગયું છે !

પછી જ્ઞાનમારગ દૂર ઠેલાય એમાં શી નવાઇ ? ક્રિયાકાંડની ઘેલછા મર્યાદા ઓળંગી જાય એમાં શું આશ્ચર્ય !

આમાં નથી તો કોઇની અંગત ટીકા, કે નથી તો કોઈ ક્રિયા માટે એકાંતે રોષ ! મૂળ વસ્તુ પર જે જાતના પડદા છવાયાં છે અને આવરણ લાધ્યા છે તેની જ માત્ર વિચારણા છે. આત્માની શોધનો પંથ કાંટાળો છે. એની પિછાન માત્ર જીવવિચાર ગોખવાથી ન થાય. એ પાછળ મંથન જરૂરી છે. વિનય, આ સર્વ વિચારજે.

ત્યાં તો 'સિદ્ધાચળ શિખરે દીવો રે, આદિશ્વર અલબેલો છે' એ સ્તવન લલકારતું એક ટોળું પર્વત ચઢતું આવ્યું અને ઉપરથી ટકોરાના રણકા પણ સંભળાયા.

લે. ચોકસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## શ્રી વિજયવલ્લભસુરીશ્વરજીનો ખંભાતમાં પ્રવેશ

લગભગ વીસ વર્ષના લાંબા ગાળા પછી ખંભાતમાં શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી પધાર્યા. પોસ સુદ ૧૨ ના રોજ રાળજ ગામે તેઓશ્રી પધારતાં ખંભાતની પાંચે જ્ઞાતિઓમાંથી લગભગ ૩૦૦ થી ૪૦૦ વ્યક્તિઓએ ત્યાં જઈ વંદનાદિનો લાભ લીધો.

આ તરફ તેઓશ્રીના અપૂર્વ સ્વાગત માટે ખંભાતમાં તૈયારીઓ ચાલી રહી હતી. આ પ્રસંગે કસાઇખાનું સદંતર બંધ રાખવાનો પ્રબંધ કરવામાં આવ્યો. વળી મ્યુનીસીપાલીટી તરફથી તા ૨૪–૧–૩૭ થી તા. ૧–૨–૩૭ સુધી ઉંદર પકડવાનું તેમજ મારવાનું સદંતર બંધ કરવામાં આવ્યું. નગરના મુખ્ય દ્વારમાં થઇને ઠેઠ ત્રણ દરવાજા સુધી જતો આખોય રસ્તો સાફસુફ કરવામાં મ્યુનીસીપાલીટીએ તેમજ અવરજવરની યોગ્ય વ્યવસ્થા માટે સ્ટેટ પોલીસે સારી લાગણી દાખવી એ આખોય માર્ગ રંગબેરંગી તોરણોથી શોભાવવામાં આવ્યો. સ્ટેટ તરફના બે ડંકા નિશાન, ઘોડાગાડીઓ, સાંબેલાની લાંબી હાર, બજરંગ સ્કાઉટનું ગ્રપ, હાથી, હાઇસ્કુલના સ્કાઉટોની ટુકડી, યુનીફોર્મ સજ્જિત બેંડ, વીશાઓસવાળ મંડળનું સ્કાઉટ ગ્રપ, અને એ પછી ખંભાત સ્ટેટનું બેંડ એ આખાયે વરઘોડાનો રેખાસુચક હતું.

સ્વાગત સરઘસમાં જ્ઞાતિના સંખ્યાબંધ આગેવાન ગૃહસ્થો, નગરશેઠ અને સ્ટેટના અધિકારીઓએ હાજરી આપી હતી

ભવ્ય સરઘસ ઉપાશ્રયે આવતા આચાર્યશ્રી તરફથી મંગળાચરણ થયા બાદ સમયોચિત દેશના આપવામાં આવી. બાદ શ્રીફળની પ્રભાવના લઇ સૌએ વિદાય લીધી.

મુનિરાજ શ્રી. ચરણવિજયજી મહારાજ શ્રી ની તબીયત નરમ થઇ જવાથી હાલ આચાર્યશ્રીને તેમની તબીયત સુધરતા સુધી અત્રે સ્થીરતા કરવી પડી છે;

---

## જાહેર વિનંતિ

**શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર પ્રથમ પર્વનું** બાઇંડીંગ થાય છે, તેના ઘણા ગ્રાહકોના નામ નોંધાઈ ગયા છે ધારવા પ્રમાણે એક સામટી નકલો ખરીદનાર ભાઈ અમારી સાથે પત્રવ્યવહાર ચલાવે છે, જેથી તે અગાઉ તેની જરૂરીયાતવાળા મહાશયો જલદીથી અમોને ગ્રાહક તરીકે નામ નોંધાવવા જણાવે તો બાકી જે રહે તે કોપીયો જ માત્ર તેમને આપી શકાય, કારણ કે આ અભ્યાસનો કથાનુયોગનો ગ્રંથ હોવાથી તેમજ તેના કાગળ, ટાઇપ, બાઇંડીંગ અને શુદ્ધ સર્વે ઉત્તમ પ્રકારનું હોવાથી તેમજ તેની કિંમત પણ મુદ્દલથી ઓછી લેવાના હોવાથી ફરીફરીને છપાવવાની તક સાંપડતી નથી કારણ કે શોધવાનું છપાવવા તદ્દન શુદ્ધ કરવાનું કાર્ય ભારે મહેનતવાળું છે. કિંમત રૂા. ૧–૮–૦

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

| | |
|---|---|
| ૧ **શ્રી સામાયિક સૂત્ર,** મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. | રૂા. ૦-૨-૬ |
| ૨ **શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ** ,, ,, | રૂા. ૦-૧૦-૦ |
| ૩ **શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર** ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડ જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂા. ૧-૪-૦ રૂા. ૧-૧૨-૦. | |
| ૪ **શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ.** | રૂા. ૦-૨-૦ |
| ૫ **શ્રી શત્રુંજય તીર્થ** વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. | રૂા ૦-૪-૦ |
| ૬ **શ્રી તીર્થંકર ચરિત્ર.** ( ભાષાંતર ) | રૂા. ૦-૧૦-૦ |
| ૭ **શ્રી વીશ સ્થાનક પદ પૂજા** ( અર્થ, વિધિ-વિધાન યંત્રો, મંડળ વગેરે સહિત ). | રૂા. ૦-૧૨-૦ |

## પ્રકાશન ખાતું.

### પ્રાચીન સાહિત્યના છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

| | |
|---|---|
| ૧ **શ્રી વસુદેવહિંડિ** પ્રથમ ભાગ-પ્રથમ અંશ. | રૂા. ૩-૮-૦ |
| ૨ **શ્રી વસુદેવહિંડિ** પ્રથમ ભાગ-દ્વિતીય અંશ. | રૂા ૩-૮-૦ |
| ૩ **શ્રી બૃહત્કલ્પસૂત્ર** પ્રથમ ભાગ. | રૂા. ૪-૦-૦ |
| ૪ **શ્રી બૃહત્કલ્પસૂત્ર** બીજો ભાગ. | રૂા. ૬-૦-૦ |
| ૫ **શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ )** | રૂા. ૨-૦-૦ |
| ૬ **શ્રી ગુરૂતત્ત્વ વિનિશ્ચય.** | રૂા. ૩-૦-૦ |
| ૭ **શ્રી જૈન મેઘદૂતમ્** | રૂા. ૨-૦-૦ |

## છપાતાં ગ્રંથો.

૧ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ. ૩ **પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.**

૨ શ્રી ગુણચંદ્રસૂરિકૃત **શ્રી મહાવીર ચરિત્ર.** ભાષાંતર ૪ **શ્રી બૃહત્કલ્પ** ત્રીજો ભાગ

## અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦-૮-૦ | ૦-૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦-૬-૦ | ૦-૩-૦ |

**જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only